# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

જેઠ વદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૧૧ ● અંક: ૨૧૭ ● તારીખ: ૦૭.૦૭.૨૦૨૬, મંગળવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

જે વ્યક્તિને સંતોષ નથી, તેને ગમે તેટલું મળે તો પણ અસંતુષ્ટ જ રહેશે!

## પીએમ મોદીનું ઈન્ડોનેશિયામાં ભવ્ય સ્વાગતઃ ફાઈટર જેટ્સે વિમાનને એસ્કોર્ટ કર્યું

### યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ 'પ્રમ્બાનન શિવ મંદિર'ની મુલાકાત અને સાબાંગ પોર્ટનું મહત્ત્વઃ ૨૦૦૦ વર્ષ જૂના સાંસ્કૃતિક સંબંધોઃ ઈન્ડોનેશિયામાં ભારતીય સંસ્કૃતિની ઊંડી છાપ

**સમય સંદેશઃ ડેસ્ક**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે ઈન્ડોનેશિયા પહોંચ્યા હતા, જ્યાં સરહદ પર પ્રવેશતાની સાથે જ ઈન્ડોનેશિયાના ફાઈટર જેટ્સે તેમના વિમાનને સુરક્ષા કવચ (એસ્કોર્ટ) પૂરું પાડ્યું હતું. વડાપ્રધાન બન્યા પછી પીએમ મોદીનો આ ત્રીજો ઈન્ડોનેશિયા પ્રવાસ છે, જ્યાં જકાર્તા એરપોર્ટ પર રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ ગાર્ડ ઓફ ઓનર અને વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે આશરે ₹૨,૫૦૦ કરોડના બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ સોદા પર મહોર લાગવાની પ્રબળ સંભાવના છે. પોતાના પ્રવાસ દરમિયાન પીએમ મોદી ઈન્ડોનેશિયાના સૌથી મોટા અને ૯મી સદીમાં બનેલા પ્રસિદ્ધ હિન્દુ મંદિર



'પ્રમ્બાનન'ની મુલાકાત લેશે, જે ભગવાન શિવ, વિષ્ણુ અને બ્રહ્માને સમર્પિત છે અને યુનેસ્કોની વિશ્વ ધરોહર સૂચિમાં સામેલ છે. વ્યૂહાત્મક દ્રષ્ટિએ આ પ્રવાસમાં અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહની નજીક આવેલા ઈન્ડોનેશિયાના 'સાબાંગ પોર્ટ'નો વિકાસ પણ મહત્વનો એજન્ડા છે. વર્ષ ૨૦૧૮માં શરૂ થયેલા દરિયાઈ સહયોગને આગળ ધપાવી બંને દેશો લોજિસ્ટિક્સ અને દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં ઈન્ડોનેશિયા અને ભારત વચ્ચેના ઐતિહાસિક સંબંધો આશરે ૨,૦૦૦ વર્ષ જૂના છે. અહીંની સાંસ્કૃતિક વિરાસત પર હિન્દુ-બૌદ્ધ સભ્યતાનો ઊંડો પ્રભાવ છે; આજે પણ જાવા અને બાલીમાં રામાયણ-મહાભારત


અનુ પાના નં.૨ પર

## રામ મંદિર ટ્રસ્ટની બેઠકમાં ચંપત રાયનું રાજીનામું સ્વીકરાયું, સભ્યો ભાવુક થયા

### પ્રસાદ ચોરીને સંત સમાજે કલંક ગણાવ્યું, ચંપત રાયની ભૂમિકા પર સવાલોઃ VHP નેતા બજરંગ લાલ બગડા નવા મહાસચિવ બને તેવી શક્યતા, SIT તપાસ તેજ

**સમય સંદેશઃ અયોધ્યા**

અયોધ્યામાં રામ મંદિર ટ્રસ્ટની એક તાકીદની બેઠક યોજાઈ હતી, જેમાં દાનમાં કથિત ઉચાપત અને અનિયમિતતાઓના આરોપો વચ્ચે મહાસચિવ ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારી લેવામાં આવ્યા છે. આ બેઠકથી બંને નેતાઓને



દૂર રાખવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસ અને ટ્રેઝરર ગોવિંદ ગિરી સહિતના મોટાભાગના સભ્યો અત્યંત ભાવુક નજરે પડ્યા હતા, જ્યારે કેસના અન્ય એક આરોપી ગોપાલ રાવને નિયમિત સભ્ય ન હોવાના કારણે બેઠકમાંથી પરત મોકલી દેવાયા હતા.

દાન અને પ્રસાદ ચોરીની આ ઘટના સામે સંત સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સ્વામી વિશ્વપ્રસન્ન તીર્થે આ ચોરીને એક મોટું 'કલંક' ગણાવ્યું છે, જ્યારે અન્ય સંતોએ તેને ગંભીર પાપ ગણાવી ભક્તોમાં ફરી વિશ્વાસ ઊભો કરવા અપીલ કરી છે.

આ કેસમાં પ્રસાદ ચોરીનો મુખ્ય સૂત્રધાર તીનુ યાદવ નામનો શખ્સ ચંપત રાયનો ડ્રાઈવર હોવાનું સામે આવતા તેમની ભૂમિકા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. સિસ્ટમની આ મોટી ખામી બદલ નૈતિક જવાબદારી

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં કાયદો-વ્યવસ્થાનું સંપૂર્ણપણે ધોવાણઃ ખાણ-ખનિજ વિભાગ બાદ હવે પોલીસ પર બુટલેગરોનો હિચકારો હુમલો

### જોડિયાના કુન્નડમાં રેતી માફિયાએ અધિકારી પર લોખંડનું પાનું અને પથ્થર ઉગામ્યા; મેઘપરના પડાણામાં એલસીબીની ટીમ પર ફોરચ્યુનર કાર ચડાવી દેવાનો પ્રયાસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કથળી ગઈ હોય અને ગુનેગારો બેફામ બન્યા હોય તેવી બે સનસનાટીભરી ઘટનાઓ સામે આવી છે. જામનગરમાં ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓ પર હુમલાની શાહી હજુ સૂકાઈ નથી ત્યાં જ જોડિયા અને મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પરના સરકારી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ પર જીવલેણ હુમલાની ઘટનાઓ ઘટી છે. ખાખી વર્દી અને કાયદાનો ડર જાણે અસામાજિક તત્વોના મનમાંથી સાવ નીકળી ગયો હોય તેમ, ક્યાંક લોખંડના હથિયારો ઉગામવામાં આવ્યા તો ક્યાંક પોલીસના વાહનો સાથે લક્ઝુરિયસ કાર અથડાવીને કચડી નાખવાનો પ્રયાસ કરાયો હતો. આ બંને બનાવોને પગલે સમગ્ર જિલ્લાના પોલીસ બેડામાં ભારે ચકચાર મગી ગઈ છે.

જોડિયા તાલુકાના કુન્નડ ગામ નજીક જામનગર ખાણ ખનિજ વિભાગના અધિકારી ઉપર એક શખ્સ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે. ખાણ ખનિજ વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા નિખિલભાઈ ઉન્નીમોન પોટાયથ પોતાના સ્ટાફ સાથે જોડિયા પંથકમાં કુન્નડ નજીક વજન કાંટા પાસે બાતમીના આધારે ચેકિંગમાં હતા. તેઓ રોયલ્ટી વગર ગેરકાયદેસર રેતી ભરીને જતા ટ્રકોને અટકાવી સીઝ કરવાની કાયદેસરની ફરજ બજાવી રહ્યા હતા.

તે દરમિયાન ટાટા કંપનીના સિગ્ના ટ્રક (નંબર





જીજે-૧૦-ટીવાય-૬૧૦૦) ના માલિક રજાક ઉર્ફે એઝાઝ સુમારભાઈ સફીયાએ પોતાનો ગેરકાયદે રેતી ભરેલો ટ્રક સીઝ ન કરવા દેવાના ઈરાદે અધિકારીઓ સાથે ઝપાઝપી કરી હતી. આરોપીએ લોખંડનું પાનું અને પથ્થર ઉગામી રોયલ્ટી ઈન્સ્પેક્ટર નિખિલભાઈ તથા રમેશભાઈ સાથે મારપીટ કરી ડાબા હાથના બાવડાના ભાગે ઈજા પહોંચાડી હતી. આ સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપતા આ અંગે જોડિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

બીજો ગંભીર બનાવ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો હતો, જ્યાં સ્થાનિક ગુના શોધક શાખા (એલ.સી.બી.)ની ટીમ પડાણા ગામ નજીક દેશી દારૂ અંગે દરોડાની કાર્યવાહી કરી રહી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે લિસ્ટેડ મહિલા બુટલેગર ડાઈબેન રામાભાઈ માલજીભાઈ સોરીયાને દેશી દારૂના મુદ્દામાલ સાથે ઝડપી પાડી હતી.

પોતાની ધરપકડ થતાં જ ડાઈબેને ત્યાં હાજર મેહુલસિંહ ઉર્ફે મુન્નાભાઈ મનુભા જાડેજા અને દશરથસિંહ તખુભા જાડેજા નામના શખ્સોને પોલીસ પર હુમલો કરવા ખુલ્લેઆમ ઉશ્કેર્યા હતા. ત્યારબાદ બંને આરોપીઓ પોતાની ફોરચ્યુનર કાર (નંબર જીજે-૧૧-ડીબી-૦૯૯૯) લઈને ફિલ્મી સ્ટાઈલે ધસી આવ્યા હતા અને પોલીસની ખાનગી કારના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી સરકારી મિલકતને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આટલું જ નહીં, આરોપીઓએ

અનુ પાના નં.૨ પર

## વિસાવદર પીજીવીસીએલ કંપનીની એક જ દિવસમાં દોઢ લાખની રકમ વસુલાઈ

**સમય સંદેશઃ વિસાવદર (હરેશ મહેતા દ્વારા)**



વિસાવદર પીજીવીસીએલ કંપનીના સબ ડિવિઝન નબર(૧)ના અધિકારી ત્રિવેદી સાહેબ મારફત વિસાવદર કોર્ટમાં પીજીવીસીએલના પેનલ એડવોકેટ નયનભાઈ આર જોશી મારફત જુદા જુદા છ દાવા તથા છ દરખાસ્તો દાખલ કરવામાં આવેલ હતી જે દરખાસ્ત દાખલ કર્યાના ૧૫ દિવસમાં જ આ કામના પ્રતિવાદીઓને કોર્ટે તરફથી દાવાનો સમન્સ તથા કેસની નોટિસ મોકલતા પ્રથમ મુદ્દતે જ પ્રતિવાદીઓ દ્વારા ત્રણ દાવાના કામમાં પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપેલ છે અને એક દરખાસ્ત માં પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપતા પીજીવીસીએલ કંપનીને એક જ દિવસમાં દોઢ લાખની આવક થયેલ હતી આમ વિસાવદર કોર્ટના ન્યાયાધીશ બી.એસ. ભટ્ટ સાહેબ દ્વારા પીજીવીસીએલ કંપની તથા બેંકોના લેણા નહિ ભરનાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરતા લોકો તરફથી વીજ કંપની તથા બેંકોના લેણા તાત્કાલિક અસરથી ભરપાઈ કરેલ છે આમ પીજીવીસીએલ કંપનીને એક જ દિવસમાં રૂપિયા દોઢ લાખ જેવી રકમ વસૂલ મેળવાઈ હતી આ કામમાં વિસાવદર કોર્ટેના બેલિફો દ્વારાઆ સારી કામગીરી કરવામાં આવેલ હતી.

## અમરેલીમાં મેઘતાંડવઃ નાવલી નદીમાં ઘોડાપૂર અને સુકનેરા ડેમ ઓવરફ્લો

### જાફરાબાદમાં પૂરની સ્થિતિઃ કમર સમા પાણીમાં ઉતરી પોલીસે જીવ બચાવ્યાઃ શેત્રુજી નદીના વહેણમાં તણાયેલા ખેડૂતનો ૧૨ કલાકે મૃતદેહ મળ્યો

**સમય સંદેશઃ અમરેલી**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લાઠી, લિલીયા અને દામનગર પંથકમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. ગઈકાલે ૭ ઈંચ વરસાદ ખાબક્યા બાદ સાવરકુંડલામાં ફરી શરૂ થયેલા ભારે વરસાદને કારણે સ્થાનિક નાવલી નદી ગાંડીતૂર બની હતી અને પૂરના પ્રચંડ પ્રવાહમાં એક વીજપોલ ધરાશાયી થયો હતો, જ્યારે સુકનેરા ડેમ પણ ઓવરફ્લો થયો છે. લાઠી-લિલીયા અને કુકાવાવના ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદથી ખેતરો પાણીથી



તરબોળ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ભારે વરસાદને કારણે જાફરાબાદ પંથક ભારે મુશ્કેલીમાં મુકાયો છે અને વઢેરા ગામમાં પૂર જેવા ગંભીર હાલાત સર્જાયા છે. આ કપરા સમયમાં જાફરાબાદ પોલીસના જવાનો સ્થાનિક લોકો માટે દેવદૂત સાબિત થયા છે. પોલીસ જવાનોએ કમર સુધીના પૂરના પાણીમાં જીવના જોખમે ઉતરીને ફસાયેલા બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા, જે વહીવટી તંત્રની બહાદુરી અને માનવતાનું

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં આગામી બે દિવસ આકાશી આફત

ગુજરાતમાં ગઈકાલથી જ વરસાદનું જોર વધવાની શક્યતાને પગલે હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે; જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના ભાવનગર તથા અમરેલી સહિતના જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આશંકા સાથે 'રેડ એલર્ટ' તેમજ અન્ય ભાગોમાં ઓરેન્જ અને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ વ્યાપક આગાહી વચ્ચે વહીવટી તંત્ર સંપૂર્ણપણે સતર્ક બન્યું છે, જ્યારે દરિયામાં તેજ પવન અને ઊંચા મોજા ઉછળવાના કારણે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.

## હવે ખેડૂતોને મળશે સીધું બજાર અને શહેરીજનોને શુદ્ધ-રસાયણમુક્ત આહાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના હાર્દ સમાન રણમલ તળાવ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ, જામનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રંજનબેન જીવાણીના હસ્તે તથા જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશાની વિશેષ ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કેન્દ્રનો મુખ્ય આશય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની રસાયણમુક્ત પેદાશો માટે નિયમિત-વિશ્વસનીય બજાર પૂરું પાડવાનો અને શહેરી ગ્રાહકોને સીધા જ ખેડૂતો પાસેથી ગુણવત્તાસભર ઓર્ગેનિક ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે.લોકાર્પણ બાદ મહાનુભાવોએ વેચાણ કેન્દ્રની રૂબરૂ



તસવીરઃ હિરેન ગાંધી



મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક ખેતી કરતા ધરતીપુત્રો સાથે આત્મીય સંવાદ સાધી તેમના પ્રશંસનીય પ્રયાસોને બિરદાવ્યા હતા.

સામાન્ય રીતે ખેડૂતો માટે ઉત્પાદન પછી બજાર વ્યવસ્થા અને યોગ્ય ભાવ મેળવવો એ સૌથી મોટો પડકાર હોય છે. આ પડકારના કાયમી ઉકેલ તરીકે આ કેન્દ્ર શરૂ કરાયું છે. અહીં કોઈ વચેટિયા કે મધ્યસ્થી ન હોવાથી ખેડૂતોને તેમની મહેનતનું પૂરું વળતર મળશે, જ્યારે બીજી તરફ જામનગરના નાગરિકોને તાજી, ગુણવત્તાસભર અને સંપૂર્ણ રસાયણમુક્ત કૃષિ પેદાશો એક જ સ્થળેથી વ્યાજબી ભાવે પ્રાપ્ત થશે. આ પહેલથી લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધશે અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યેનો ભરોસો વધુ દ્રઢ બનશે.

અનુ પાના નં.૨ પર

### જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રંજનબેન જીવાણીના હસ્તે જામનગરના રણમલ તળાવ ખાતે પ્રાકૃતિક ખેતપેદાશ વેચાણ કેન્દ્ર ખુલ્લું મુકાયું

## કોંગ્રેસ સાથે 'ખેલો'? : ઝારખંડમાં JMM-ભાજપ સરકાર?

**સમય સંદેશઃ રાંચી**

ઝારખંડના રાજકારણમાં સત્તારૂઢ મહાગઠબંધન (JMM-કોંગ્રેસ)ની અંદર છેલ્લા કેટલાક દિવસોથી ભારે રાજકીય હલચલ જોવા મળી રહી છે. તાજેતરમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં થયેલા ક્રોસ-વોટિંગ બાદ બંને પક્ષો વચ્ચે અસંતોષ અને તણાવ વધી ગયો છે. એ દરમિયાન રાજ્યના નાણાપ્રધાન રાધાકૃષ્ણ કિશોરે પોતાની સુરક્ષામાં તહેનાત પોલીસ જવાનો અને સરકારી વાહનો પરત કરીને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે.

આ ઉપરાંત તેમણે અનેક મુદ્દાઓ પર નારાજગી વ્યક્ત કરી છે, જેને કારણે ગઠબંધનની અંદર



બધું સામાન્ય નથી તેવા સંકેતો મળ્યા છે. સરકારની નિર્ણય લેવાની રીત તેમ જ કોંગ્રેસના કાર્યકરોની અવગણના જેવા મુદ્દાઓને લઈને પણ પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓ અસંતોષમાં હોવાનું કહેવાય છે. રાધાકૃષ્ણ કિશોર છેલ્લા કેટલાક દિવસોથી પોતાની જ સરકારથી નારાજ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

કોંગ્રેસ ક્વોટામાંથી સરકારના સૌથી વરિષ્ઠ પ્રધાન અને સરકારમાં નંબર-૨નું સ્થાન ધરાવતા રાધાકૃષ્ણ કિશોરના આ પગલાથી સૌ કોઈ આશ્ચર્યચકિત છે. તેમની નારાજગી વચ્ચે મુખ્ય મંત્રી હેમંત સોરેન દિલ્હી ગયા છે. આ પ્રવાસને ખાનગી ગણાવવામાં આવી રહ્યો છે, પરંતુ રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો શરૂ થઈ ગઈ છે.

આનું એક કારણ એ પણ છે કે ઝારખંડ ભાજપના પ્રદેશ અધ્યક્ષ આદિત્ય સાહુ અને ભૂતપૂર્વ મુખ્ય મંત્રી તેમ જ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બાબુલાલ મરાંડી પણ હાલ દિલ્હીમાં છે. બંને નેતાઓએ રવિવારે પક્ષના અધ્યક્ષ નીતિન નવીન સાથે મુલાકાત કરીને રાજ્યની રાજકીય પરિસ્થિતિ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.


આવી સ્થિતિમાં હેમંત સોરેનના દિલ્હી પ્રવાસને લઈને

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### અફઘાનનો પાક. પર વળતો પ્રહાર !

પાકિસ્તાન હસ્તકના કાશ્મીરની પ્રજા હવે અફઘાનિસ્તાન પાસેથી શસ્ત્રો ખરીદવા માટે ફંડફાળો એકત્રિત કરી આંદોલનકારીઓને આપી રહી છે. જેએએસી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પાકિસ્તાનની સૌથી મોટી નિષ્ફળતાઓમાંની એક છે. આ સંગઠન સામાન્ય લોકો જેનો સામનો કરી રહ્યા છે એવા સામાન્ય મુદ્દાઓ – ફુગાવો, બેરોજગારી અને વહીવટી અરાજકતા – ને થાળે પાડવા માટે કામ કરે છે. આજે તેને મળતો ટેકો સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાને અન્ય રાજકીય પક્ષોમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે. પ્રજા જે ઝડપથી આવા નવા સંગઠનો તરફ તણાઈ રહી છે તે એક રીતે તો પાકની અંદરના કોકરોચ હવામાનને પ્રોત્સાહન આપે છે. ઉંઅઈ માં જીન્સ અને ટી-શર્ટ પહેરેલી અલ્હડ યુવતીઓનો મોટો સમૂહ જોડાયેલો છે. ફેશન પરેડ જેવી અદાકારી સાથે તેઓ ભયાનક તોફાન મચાવે છે અને પ્રેસ ફોટોગ્રાફરો સામે અભિનેત્રી જેવા લટકા પણ કરે છે. તેમણે મુસ્લિમ પરંપરાને પણ ફગાવી દીધી છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં અવારનવાર વિરોધ પ્રદર્શનો થાય છે. જ્યારે તાત્કાલિક મુદ્દાઓ અલગ અલગ લાગે છે, તો વાસ્તવિક કારણ પાકિસ્તાન પ્રત્યેના વલણમાં રહેલું છે. તેના તમામ પ્રચાર છતાં, પાકિસ્તાને ક્યારેય પ્રદેશના વિકાસ અને લોકોની સમસ્યાઓ પર ધ્યાન આપ્યું નથી. આજે, આખો પ્રદેશ ગરીબીથી પીડાઈ રહ્યો છે. વધુમાં, ઈસ્લામાબાદમાં સરકાર સતત તેમના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે. ડ્ઝાઉંમાં સરકાર દ્વારા કરવામાં આવેલા કડક કાર્યવાહી અને ૬૦૦ થી વધુ નાગરિક અધિકાર કાર્યકરોની સામૂહિક ધરપકડ બાદ મોટા પાયે પાકિસ્તાન વિરોધી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. અગ્રણી નેતા શૌકત નવાઝ મીરની અટકાયતથી ગુસ્સે ભરાયેલી જોઈન્ટ આવામી એક્શન કમિટીએ ઈસ્લામાબાદને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે અને ભારત પાસેથી મદદ માંગી છે. ઉંઅઈ ના મુખ્ય સભ્ય સરદાર અમન ખાનનો એક વીડિયો, જે પાકિસ્તાની શાસન હેઠળની વિશાળ અછત, વ્યવસ્થિત ક્રૂરતા અને ગંભીર માનવતાવાદી કટોકટી પર પ્રકાશ પાડે છે, તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થયેલા એક વીડિયોમાં, સરદાર અમન એક વિશાળ જનમેદનીને સંબોધતા કહે છે, મેંધાર, પૂંછ, રાજૌરી, ડોડાના લોકોને અમે ત્યાંના લોકોને અપીલ કરીએ છીએ. રાશનની અછત છે, દવાઓની અછત છે, અને અમને તમારી મદદની જરૂર છે. અમને તમારી મદદની જરૂર છે. તમે અમારા વ્હાલા પાડોશી છો.

# હાલારના હાલહવાલ

## દેવભૂમિ દ્વારકા જીલ્લા પંચાયતની સામાન્ય સભા સંપન્ન

**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળિયા સ્થિત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત કચેરી ખાતે શુક્રવારે જિલ્લા પંચાયતના પ્રમુખ ગૌરીબેન જેઠાભાઈ હાથીયાના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ખંભાળિયા વિધાનસભાના ધારાસભ્ય તથા પૂર્વ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.




ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શન હેઠળ જિલ્લા સંકલન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેન તથા સભ્યોના નામોની સત્તાવાર જાહેરાત જિલ્લા ભાજપના મહામંત્રી રાજુભાઈ ભરવાડ દ્વારા સામાન્ય સભા સમક્ષ કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ચીમનભાઈ નકુમ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પી.એસ. જાડેજા, જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ભરતભાઈ ગોજીયા, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય સંજયભાઈ નકુમ, જશવંતસિંહ જાડેજા, ખંભાળિયા તાલુકા ભાજપ મંડળના પ્રમુખ નારણભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના સભ્યો, આગેવાનો તેમજ જિલ્લા પંચાયતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ ગૌરીબેન હાથીયાએ વિવિધ સમિતિઓની રચના અંગેની દરખાસ્ત સામાન્ય સભા સમક્ષ રજૂ કરી હતી. જેને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ચીમનભાઈ નકુમ દ્વારા ટેકો જાહેર કરવામાં આવતા સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે રંજનબેન કશ્યપભાઈ આહિર, શિક્ષણ સમિતિ માટે દક્ષાબેન તુલસીભાઈ કણઝારીયા, સિંચાઈ સમિતિ માટે ડો. પી.વી. કંડોરિયા, સામાજિક ન્યાય સમિતિ માટે જયેશભાઈ કરશનભાઈ જેઠવા, અપીલ સમિતિ માટે ગૌરીબેન જેઠાભાઈ હાથીયા, મહિલા અને બાળ વિકાસ સમિતિ માટે પૂનમબેન વીરેનભાઈ કરમુર, બાંધકામ સમિતિ માટે સુમાતભાઈ વજશીભાઈ ચાવડા અને આરોગ્ય સમિતિ માટે મનીષાબેન રામશીભાઈ મારુના નામની ચેરમેન તરીકે જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે નવનિયુક્ત તમામ ચેરમેન તથા સભ્યોને શુભેચ્છાઓ પાઠવતા વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે તેઓને સોંપવામાં આવેલી જવાબદારીઓ નિષ્ઠા, પારદર્શિતા અને જનસેવાના ભાવ સાથે નિભાવશે તથા જિલ્લાના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## જામનગરમાં નાગનાથ ચોકડી પાસે અકસ્માતઃ થાંભલા સાથે બાઈક અથડાતાં બેને ઈજા

**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરના નાગનાથ ચોકડી પર બે યુવાન કામ પરથી પોતાના ઘર જવા નીકળ્યા હતા. દરમિયાન નાગનાથ ચોકડી પર વરસાદ તથા લાઈટ ના કારણે તેમને પોલ ના દેખતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત શાહનવાઝ આવદ આરબ (ઉંમર વર્ષ:૩૫) તથા શાહનવાઝ રઝાકભાઇ આંબલીયા (ઉંમર વર્ષ:૩૧) નામના બે યુવાનોનું વાહન પોલ સાથે અથડાયું હતુ.

રાહદારિયોએ તાત્કાલિક બંને યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે ખેસડવામા આવ્યા હતા. આ બનાવ ની જાણ આરબ જમાત ના સેક્રેટરી સાજીદભાઇ આરબ,




લઘુમતી મોરચા ના મહામંત્રી હારૂન આંબલીયા (અલૂ પટેલ) સહિત યુવાનો મોટી સંખ્યામાં જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. આ પોલ તાત્કાલિક અસરથી રોડ પર થી હાથવામાં આવે અથવા ઉતારી પોલ પર બાઉન્ડ્રી કરી તેના પર લાઈટ મૂકવામાં જે થી ભવિષ્ય કોઇ અકસ્માત સર્જાય નહિં તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.

## વરસાદી ઝાપટા બાદ ખંભાળીયામાં જીવાતોનો વધ્યો ઉપદ્રવ

**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં વરસાદના ઝાપટાં વરસતા જ વિવિધ વિસ્તારોમાં ગંદકી અને જીવાતોના ઉપદ્રવમાં વધારો જોવા મળી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં નિયમિત સફાઈના અભાવે કચરો એકઠો થઈ રહ્યો છે, જ્યારે ઘણી જગ્યાએ ગટરો ઉભરાતી હોવાના કારણે અસ્વચ્છતા ફેલાઈ રહી છે. વરસાદી મોસમ દરમિયાન ગંદકી અને સ્થિર પાણીના કારણે માખી, મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ વધતો હોય છે. પરિણામે ડેન્ગ્યુ, મેલેરિયા, વાયરલ તાવ સહિતના ચેપી રોગો ફેલાવાની શક્યતા વધી રહી છે. હાલની પરિસ્થતિને લઈને સ્થાનિક નાગરિકોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. શહેરના રહેવાસીઓનું કહેવું છે કે જો સમયસર કચરાનું નિકાલ, ગટરોની સફાઈ અને જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં નહીં આવે તો આરોગ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે. જાહેર આરોગ્યના હિતમાં તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી શહેરભરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે અને મચ્છરજન્ય રોગોને રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.



## જામનગરમાંથી સગીરાનું અપહરણના અપહરણથી પરિવારમાં દોડાદોડી

**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરના સિટી સી ડિવિઝન પોલીસ મથક હેઠળના એક વિસ્તારમાંથી સગીરાનું અપહરણ થયાની ચકચારી ઘટના પોલીસ મથકે નોંધાઇ છે. આ મામલે સગીરાની માતાએ આરોપીના નામજોગ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સગીરાની માતાએ સિટી સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તા. ૧ જુલાઈ ના રોજ આરોપી હાર્દિક નામનો શખ્સ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ફોસલાવી તેણીની ૧૭ વર્ષની સગીરવયની દીકરીનું અપહરણ કરી લઇ ગયો હતો. આ મામલે જાણ થતાં જ પરિવારજનો દ્વારા સગીરાની શોધખોળ હાથ ધરાઇ હતી. પરંતુ કોઈ પત્તો ન લાગતા અંતે પોલીસનો સંપર્ક કરાયો હતો. ફરિયાદના આધારે સિટી સી ડિવિઝન પોલીસે આરોપી હાર્દિક સામે ગુનો નોંધી સગીરાને શોધી કાઢવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસે સગીરાના ઘર તેમજ આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ એકત્રિત કરી તપાસ હાથ ધરી છે. ઉપરાંત આરોપીના સંભવિત ઠેકાણાઓ અને ઓળખીતાઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## ખંભાળિયા નજીકની ખાનગી કંપનીમાં કિંમતી વાયર તથા સ્ક્રેપની ચોરી

**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળિયા – જામનગર હાઈવે પર અત્રેથી આશરે ૯ કિલોમીટર દૂર આવેલી એક ખાનગી કંપની કે જે ઘણા સમયથી બંધ હાલતમાં છે, આ કંપનીમાં કોઈ અજાણ્યા તસ્કરોએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અને અહીં રાખવામાં આવેલા ઈલેક્ટ્રીક વાયર તથા કોપર વાયરને કોઈ તીક્ષ્ણ સાધનો વડે કાપીને તેમાંથી ૧૩૦ કિલોગ્રામ જેટલો કોપર વાયર અને ૧૧૦ કિલોગ્રામ જેટલો એલ્યુમિનિયમનો વાયર ચોરી કરીને લઈ ગયા હોવાનું જાહેર થયું છે.

આ પ્રકરણમાં રૂ. ૪૯,૦૦૦ ની કિંમતના વાયર તથા જુદા જુદા બાચકામાં ભરીને રાખવામાં આવેલો રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો આશરે ૧૦૦ કિલો ગ્રામ જેટલો ભંગાર મળી કુલ રૂ. ૫૪,૦૦૦ જેટલો મુદ્દામાલ તસ્કરો ચોરી કરીને લઈ ગયા હોવાની ધોરણસર ફરિયાદ સિક્યુરિટી કર્મચારી નાનજીભાઈ લાલાભાઈ નકુમએ અહીંની પોલીસમાં નોંધાવી છે. જેને અનુલક્ષીને પોલીસે ગુનો નોંધી, તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરમાં રહેતા મહિલા પીએસઆઇનું અકાળે મોત



**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરના પટેલ કોલોની શેરી નં. ૧૨ સ્થિત વૃંદાવન એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૩૦૨માં રહેતા અને પીએસઆઈ તરીકે ફરજ બજાવતા ઉમાબેન રમેશભાઈ ભટ્ટ ગઈકાલે તારીખ ૪ જુલાઈના રોજ પોતાના ઘરે પટેલ કોલોની વિસ્તારમાં હતા. આ દરમિયાન પાંચ વાગ્યાના સમયગાળાએ એકાએક બેભાન થઈ જતા તાત્કાલિક જામનગરની જીજી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ બાદ ઉમાબેનને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના પતિ રમેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટે પોલીસમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી મોતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### કરપીણ હત્યા

(પાના નં. ૪ થી આગળ)

સામે હત્યાનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓ સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે સીસીટીવીના આધારે આરોપીની ઓળખ કરી ઝડપી લેવા માટે જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. હત્યાની જાણ થતા જ શહેર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા ઉપરાંત સિટી સી ડિવિઝનના ઇન્ચાર્જ પીઆઇ આઈ.એ. ધાસુરા સહિતના પોલીસ અધિકારીઓ હોસ્પિટલ તેમજ ઘટના સ્થળે દોડી ગયો હતો.

બીજી તરફ હત્યાના બનાવને પગલે અન્ય કોઈ અનઇચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા વિસ્તારમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને હત્યાને અંજામ આપી નાશી છૂટેલા શખ્સોને દબોચી લેવા પોલીસ દ્વારા જુદી જુદી ૫ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### જુગારના દરોડામાં છ

(પાના નં. ૪ થી આગળ)

બાજુમાં, સનમ સોસાયટી જામનગર), ફીરોજભાઇ ઓસમાણભાઇ સિપાઇ (ઉ.વ.૫૮, રહે.કાલાવાડ નાકા બહાર, રંગુલવાલા હોસ્પિટલ, લવલી પાનની બાજુમા જામનગર), યાકુબભાઈ મહમદભાઇ દરજાદા (ઉ.વ.૪૨, રહે.ગ્રેઇન માર્કેટ, બાબુભાઇ ટ્રાન્સપોર્ટ વાળા સામે ગોલ્ડન પાન વાળાની બાજુમા જામનગર) નામના ત્રણ ઇસમોને રૂા.૩૬૨૦ ની રોકડ સાથે ઝડપી લઇ તમામ શખ્સો સામે જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### કમકમાટીભર્યા મોત

(પાના નં. ૪ થી આગળ)

મૃતક અલ્લાઉદ્દીન ધોરણ ૧૦માં અભ્યાસ કરતો હતો અને તેનું મૂળ સરનામું ખોજા ચકલો, વરિયા મસ્જિદ પાસે હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ મિની બસનો ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ બંને ઘટનાઓ અંગે જામનગર પોલીસે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હિટ એન્ડ રનની ઘટનામાં ફરાર થઈ ગયેલી મિની બસ અને તેના ચાલકને ઝડપી પાડવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે શોધખોળ શરૂ કરી છે, જ્યારે ઠેબા ચોકડી અકસ્માત મામલે કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

### અમરનાથ યાત્રા

(પાના નં. ૩ થી આગળ)

સારવાર આપવામાં આવી હતી, પરંતુ સારવાર કારગત નીવડી ન હતી અને તેમનો જીવ બચાવી શકાયો ન હતો. નિધનની ઔપચારિકતાઓ બાદ પ્રવીણભાઈના પાર્થિવ દેહને સૌપ્રથમ સોનમર્ગ લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી હવાઈ માર્ગે શ્રીનગર એરપોર્ટથી દિલ્હી અને ત્યાર બાદ વડોદરા એરપોર્ટ પર લાવવામાં આવ્યો હતો. વડોદરા એરપોર્ટથી ગ્રીન કોરિડોર કે એમ્બ્યુલન્સ મારફતે તેમના નશ્વર દેહને વતન જામનગર ખાતે લાવવામાં આવ્યો છે, જેને પગલે સ્થાનિક સ્તરે અને તેમના ગ્રુપના સભ્યોમાં ભારે શોક વ્યાપી ગયો છે.

### રામ મંદિર ટ્રસ્ટ

(પાના નં. ૧ થી આગળ)

સ્વીકારી ચંપત રાયે પદ છોડવું પડ્યું છે. ચંપત રાયના રાજીનામા બાદ હવે વિશ્વ હિન્દુ પરિષદના વર્તમાન મહાસચિવ અને સરકારી નવરત્ન કંપની NALCOના પૂર્વ CMD રહી ચૂકેલા બજરંગ લાલ બગડાને રામ મંદિર ટ્રસ્ટના નવા મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. બીજી તરફ, આ કરોડોના દાન ચોરીના કેસમાં અત્યાર સુધીમાં ૮ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. આ મામલે તપાસ કરી રહેલી જંઈઝની ટીમે મંદિરની મુલાકાત લઈ વ્યાપક તપાસ શરૂ કરી છે, જેના માટે તેમને વધુ ૧૫ દિવસનું એક્સ્ટેન્શન આપવામાં આવ્યું છે.

### પીએમ મોદીનું ઈન્ડોનેશિયા

(પાના નં. ૧ થી આગળ)

આધારિત નૃત્ય નાટકો ભજવાય છે. આ દેશની સત્તાવાર એરલાઇનનું નામ 'ગરુડ' છે અને ત્યાંની કરન્સી નોટ પર ભગવાન ગણેશની તસવીર પણ છપાઈ ચૂકી છે, જે બંને દેશો વચ્ચેના અતૂટ સાંસ્કૃતિક સમન્વયને દર્શાવે છે.

### પોલીસ પર બુટલેગરોનો

(પાના નં. ૧ થી આગળ)

પોલીસ કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી કરી રાજ્યસેવકોની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી.

નવા કાયદા હેઠળ ગુનો દાખલ: આ મામલે મેઘપર પોલીસ સ્ટેશનમાં ડાઈબેન સોરીયા, મેહુલસિંહ જાડેજા અને દશરથસિંહ જાડેજા સામે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ)-૨૦૨૩ની વિવિધ ગંભીર કલમો ૧૨૧(૧), ૨૨૧, ૩૨૪(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સરકારી તંત્ર અને ખાખી પર વારંવાર થઈ રહેલા આ પ્રહારો દર્શાવે છે કે જામનગરમાં માફિયા તત્વો કેટલા બેફામ બન્યા છે, જેને પગલે હવે સામાન્ય જનતાની સુરક્ષા સામે પણ મોટા સવાલો ઊભા થયા છે.

### અમરેલીમાં મેઘતાંડવ

(પાના નં. ૧ થી આગળ)

ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ વરસાદી માહોલ વચ્ચે ધારી પંથકમાંથી એક અત્યંત દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. ધારીના ખોડીયાર ડેમના દરવાજા ખોલવામાં આવતા શેત્રુજી નદીમાં અચાનક પૂરનો પ્રચંડ પ્રવાહ આવ્યો હતો, જેમાં શરદભાઈ કાછડીયા નામના સ્થાનિક ખેડૂત તણાઈ ગયા હતા. સ્થાનિક વહીવટી તંત્ર અને બચાવ ટુકડીઓ દ્વારા સતત ૧૨ કલાક સુધી ચલાવવામાં આવેલી સઘન શોધખોળ બાદ આખરે નદી કિનારેથી તેમનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

### રસાયણમુક્ત આહાર

(પાના નં. ૧ થી આગળ)

“પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ જમીનની ફળદ્રુપતા, જળ સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણ સાથે સમાજને તંદુરસ્ત જીવનશૈલી તરફ દોરી જતી એક લોકચળવળ છે. ખેડૂતો અને ગ્રાહકો વચ્ચેનો આ સીધો સંપર્ક કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવશે. લોકાર્પણ પ્રસંગે જિલ્લાના આશરે ૫૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્ર પર ખેડૂતો દ્વારા કુદરતી પદ્ધતિથી પકવેલા અનાજ, કઠોળ, મસાલા, તેલીબિયાં, ગાયનું શુદ્ધ ઘી, દૂધ, ગુલકંદ, દેશી ગોળ, અથાણાં, વિવિધ મૂલ્યવર્ધિત ખાદ્ય ચીજો તેમજ ઋતુગત તાજા શાકભાજી અને ફળોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓએ દરેક સ્ટોલની મુલાકાત લઈ ઉત્પાદનોના પેકેજિંગ અને ગુણવત્તાની બારીકાઈથી માહિતી મેળવી હતી.

### કોંગ્રેસ સાથે 'ખેલો'?

(પાના નં. ૧ થી આગળ)

રાજકીય અટકળો વધુ તેજ બની ગઈ છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આગામી સમયમાં ઝારખંડના રાજકારણમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. એવી અટકળો ચાલી રહી છે કે કોંગ્રેસના નેતાઓનાં નિવેદનોથી નારાજ થયેલા હેમંત સોરેન ટૂંક સમયમાં ભાજપ સાથે ગઠબંધન કરીને રાજ્યમાં NDA સરકાર બનાવી શકે છે.

## જામનગરમાં SOGનો મેગા બ્લાસ્ટઃ ટાઉન હોલ પાસેથી ૨૨ લાખના 'કોકેન અને MDMA' ડ્રગ્સ સાથે રાજસ્થાની શખ્સ ઝડપાયો

**સમય સંદેશ: જામનગર**

જામનગર પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે શહેરમાં નશાના કારોબાર પર અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કરીને એક આંતરરાજ્ય ડ્રગ્સ સ્મગલરને ઝડપી પાડ્યો છે. રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો. રવિમોહન સૈની દ્વારા યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે શરૂ કરાયેલા No Drugs In Jamnagar અભિયાન હેઠળ એસ.ઓ.જી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.બી.ચૌધરી અને તેમની ટીમ સતત પેટ્રોલિંગમાં હતી.

આ દરમિયાન એસ.ઓ.જી. સ્ટાફના મયુરરાજસિંહ જાડેજા, બળભદ્રસિંહ જાડેજા અને વિરેન્દ્રસિંહ જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે ટાઉન હોલ પાસે આવેલી કોટક મહિન્દ્રા બેંક વાળી શેરીમાં એક ઈસમ નશાકારક પાવડરના વેચાણ અર્થે આવવાનો છે, જેને પગલે પોલીસે તાત્કાલિક તે વિસ્તારમાં સબળ વોચ ગોઠવી દીધી હતી.

પોલીસે વોચ દરમિયાન બાતમીવાળા સ્થળેથી મૂળ રાજસ્થાનના સાંચોર જિલ્લાના



અરણાઈ ગામના વતની અને હાલ જામનગરમાં સજુબા સ્કૂલ પાસે રહેતા નરશિરામ કુપારામ લુણા રબારી નામના શખ્સને આંતરીને તેની તલાશી લીધી હતી. આરોપીની તપાસ કરતા તેની પાસેથી આંતરરાષ્ટ્રીય બજારમાં લાખોની કિંમત ધરાવતો ૧૯ ગ્રામ કોકેનનો જથ્થો (કિંમત રૂપિયા ૯,૫૦,૦૦૦/-) અને ૧૨૩ ગ્રામ એમ.ડી.એમ.એ. (ખઉખઅ) નશાકારક પાવડર (કિંમત રૂપિયા ૧૨,૩૦,૦૦૦/-) મળી આવ્યો હતો. એસ.ઓ.જી.ની ટીમે આરોપી પાસેથી કુલ ૧૪૨ ગ્રામ માદક પદાર્થ, બે મોબાઈલ ફોન (કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-) અને ડ્રગ્સ જોખવા માટે રાખેલો એક ડિજિટલ વજન કાંટો (કિંમત રૂપિયા ૫૦૦/-) મળીને કુલ રૂપિયા ૨૧,૯૫,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ મસમોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરીને એસ.ઓ.જી.ની ટીમે આરોપી નરશિરામ રબારી સામે જામનગર શહેરના સીટી "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૧(બી), ૨૨(સી) અને ૨૯ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની આ અત્યાર સુધીની સૌથી મોટી અને સફળ કામગીરી માનવામાં આવી રહી છે. હાલમાં પોલીસ દ્વારા એ દિશામાં સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે કે આટલો કિંમતી ડ્રગ્સનો જથ્થો રાજસ્થાનથી જામનગર કોના દ્વારા મોકલવામાં આવ્યો હતો, અહીં સ્થાનિક સ્તરે તે કોને સપ્લાય થવાનો હતો અને આ કાળા કારોબારના નેટવર્કમાં અન્ય કયા કયા મોટા માથાઓ સંડોવાયેલા છે.

# રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયાનું વતન ખંભાળિયામાં અદકેરું સન્માન

## વિશાળ બાઈક રેલી : રક્તદાન તથા સાંસદની રક્તતુલાઃ સાંસદ પૂનમબેન માડમ, ધનરાજ નથવાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ





**સમય સંદેશઃ ખંભાળિયા**

રાજ્યસભાના સાંસદ તરીકે તાજેતરમાં બિનહરીફ વરાયેલા ખંભાળિયાના યુવા સક્રિય કાર્યકર જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજારીયાનો ભવ્ય સરકાર સમારોહ તથા રક્તતુલાનો કાર્યક્રમ ખંભાળિયાવાસીઓ દ્વારા વિશિષ્ટ રીતે યોજવામાં આવ્યો હતો.

ખંભાળિયાના પૂર્વ ધારાસભ્ય અને સતવારા અગ્રણી સ્વ. મેઘજીભાઈ કણજારીયાના સુપુત્ર જીતેન્દ્રભાઈ કણજારીયાને તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ખંભાળિયા માટે ગૌરવરૂપ એવી આ બાબતે ખંભાળિયાના સથવારા સમાજ તેમજ આગેવાનો દ્વારા જીતેન્દ્રભાઈ કણજારીયાનું વિશિષ્ટ સન્માન કરવાનું આયોજન કરાયું હતું. જેને અનુલક્ષીને રવિવારે ખંભાળિયામાં સતવારા સમાજના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં બપોરે અત્રે જામનગર માર્ગ પર આવેલા સિધ્ધનાથ મહાદેવના મંદિર ખાતેથી ભવ્ય બાઇક રેલી યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં મોટરસાયકલ સાથે સતવારા જ્ઞાતિના આગેવાનો હોદ્દેદારો તેમજ શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં આ બાઈક રેલીમાં જોડાયા હતા. આ બાઈક રેલી શહેરના જુદા જુદા રાજમાર્ગો પર ફરી, અત્રે બજાણા રોડ સ્થિત સતવારા સમાજની વાડી ખાતે પહોંચી હતી. માર્ગમાં જીતેન્દ્રભાઈ કણજારીયાનું વિવિધ જ્ઞાતિજનો, મંડળો દ્વારા સ્મૃતિચિહ્ન વડે સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં સતવારા જ્ઞાતિની વાડીના વિશાળ સમિયાણામાં રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયાની રક્તતુલા કરાઈ હતી. આ સાથે આ સ્થળે રક્તદાન કેમ્પનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રક્ત એકત્ર થયું હતું.

આ આયોજનમાં રિલાયન્સના સિનિયર ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણી, જામનગર - દ્વારકા જિલ્લાના લોકસભાના સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સહિતના મહાનુભાવો, આગેવાનો અને સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા અને સ્વ. મેઘજીભાઈ કણજારીયાને શ્રદ્ધાસુમન અર્પણ કરી, જીતેન્દ્રભાઈ કણજારીયાને સન્માનિત કર્યા હતા. આ વિશિષ્ટ સન્માન બદલ જીતેન્દ્રભાઈ કણજારીયાએ મહાનુભાવોના આશીર્વાદ મેળવી, ઉપસ્થિત સૌ કોઈનો આભાર વ્યકત કર્યો હતો. અને આ વિસ્તારના મહત્તમ વિકાસ માટે હંમેશા સક્રિય અને જાગૃત રહેવાની ખાતરી આપી હતી.

# જામનગરના યાત્રીનું અમરનાથ યાત્રામાં હાર્ટ એટેકથી મોત

## પવિત્ર ગુફાથી ૩ કિમી દૂર અંતિમ શ્વાસ લીધા; પાર્થિવ દેહને હવાઈમાર્ગે વતન લવાયો





**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ૬૧ વર્ષના પ્રવીણભાઈ પરમાર બાબા બર્ફાનીના દર્શન કરવા માટે ગત ૩૦ જૂનના રોજ જામનગરથી અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થામાં રવાના થયા હતા. તેઓ જામનગરથી નીકળી સૌપ્રથમ જમ્મુ રોકાયા હતા, ત્યાર બાદ ૨ જુલાઈએ શ્રીનગર અને ૩ જુલાઈએ બાલતાલ બેઝ કેમ્પ પહોંચ્યા હતા. ૪ જુલાઈએ તેમણે બાલતાલ રૂટ પરથી પવિત્ર ગુફા તરફ આગળ વધવાની શરૂઆત કરી હતી, પરંતુ પવિત્ર ગુફાથી માત્ર થોડા જ કિલોમીટર દૂર આ દુઃખદ ઘટના ઘટી હતી. પ્રવીણભાઈ જ્યારે પવિત્ર ગુફાથી આશરે ૩ થી ૪ કિલોમીટર દૂર આવેલા કાલી માતાજીના મંદિર પાસે પહોંચ્યા, ત્યારે તેમને અચાનક તીવ્ર હાર્ટ એટેક આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ શ્રાઇન બોર્ડના અધિકારીઓ અને સુરક્ષા જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેઓને તાત્કાલિક નજીકના મેડિકલ કેમ્પમાં પ્રાથમિક


અનુ પાના નં.૨ પર

# જામનગરના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું ફૂટ પેટ્રોલિંગ

## આતંકવાદી ઘૂસણખોરી, નશીલા પદાર્થોની તસ્કરી સામે મરીન ટાસ્ક ફોર્સનું સઘન ચેકિંગ, રાષ્ટ્રીય સુરક્ષા માટે એજન્સીઓ સતર્ક



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા એક વિશેષ ''સઘન કોસ્ટલ પેટ્રોલિંગ'' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પશ્ચિમ એશિયાના તણાવપૂર્ણ સંબંધોને ધ્યાનમાં રાખીને દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા આ પગલું લેવાયું છે. આ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગે થતી આતંકવાદી ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવાનો છે.

આ અભિયાન ATS અને કોસ્ટલ સિક્યુરિટીના એડિશનલ DGP અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. મરીન ટાસ્ક ફોર્સના DIG એ. એમ. મુનિયા અને જી એસ. જે. પરમારે તેનું નેતૃત્વ કર્યું હતું.

પેટ્રોલિંગ દરમિયાન, મરીન કમાન્ડોની ટીમોએ રોઝી બંદર, નવા-જુના બેડી બંદર અને માધાપર ભૂંગા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા સઘન તપાસ કરી હતી. સામાન્ય રીતે બોટ અને વાહનોનો ઉપયોગ થતો હોવા છતાં, આ વખતે ફૂટ પેટ્રોલિંગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. જામનગરના ઔદ્યોગિક મહત્વને ધ્યાનમાં રાખીને, કમાન્ડોએ બંદરો, જેટીઓ, ઓઈલ ટર્મિનલ્સ અને નિર્જન વિસ્તારો સહિતના મહત્વપૂર્ણ સ્થળો પર વિશેષ નજર રાખી હતી.

સુરક્ષા એજન્સીઓએ સ્થાનિક માછીમારો અને દરિયાકાંઠાની વસાહતોની મુલાકાત લીધી હતી. તેમને કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, દરિયાઈ સુરક્ષામાં ''પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર'' (ઉપચાર કરતાં નિવારણ વધુ સારું છે) ના સિદ્ધાંત સાથે આગામી દિવસોમાં પણ આવા પ્રોએક્ટિવ ઓપરેશન્સ સતત ચાલુ રહેશે.

# જામનગરની અતિ જોખમી બનેલી ગીતા લોજવાળી ઈમારત તોડી પાડવાની કામગીરી બીજા દિને જારી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ બત્તી વિસ્તારમાં જુના રેલવે સ્ટેશન પાસે આવેલા અતિ જર્જરિત અને જોખમી ગીતાલોજ બિલ્ડિંગને તોડી પાડવાની કામગીરી આજે સતત બીજા દિવસે પણ ચાલુ રાખવામાં આવી હતી. પ્રથમ દિવસે બિલ્ડિંગના મોટા ભાગનું ડિમોલેશન પૂર્ણ કરવામાં આવ્યા બાદ આજે બાકી રહેલા જોખમી ભાગોને ભારે મશીનરીની મદદથી દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા હિટાચી મશીન, જેસીબી, ટ્રેક્ટરો સહિતની ભારે મશીનરીની મદદથી નિયંત્રિત રીતે ડિમોલેશનની કામગીરી કરવામાં આવી રહી છે. કામગીરી દરમિયાન આસપાસના વિસ્તારને સુરક્ષાના કારણોસર કોર્ડન કરી રાખવામાં આવ્યો હતો, જેથી રાહદારીઓ અને વાહનચાલકોને કોઈ પ્રકારની મુશ્કેલી કે



તસવીરઃ હિરેન ગાંધી

અકસ્માતનો ભોગ બનવો ન પડે. આ સમગ્ર કામગીરી દરમિયાન મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, ફાયર શાખા, ટાઉન પ્લાનિંગ શાખા, લાઇટ શાખા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહી કામગીરી પર સતત નજર રાખી રહ્યા છે. ડિમોલેશન દરમિયાન સલામતીના તમામ ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું છે. મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ બિલ્ડિંગના મોટાભાગના જોખમી ભાગોને દૂર કરવામાં આવ્યા છે, જ્યારે બાકી રહેલા ભાગોને પણ તબક્કાવાર રીતે તોડી પાડવાની કાર્યવાહી ચાલુ છે. સમગ્ર ડિમોલેશન પૂર્ણ થયા બાદ કાટમાળ દૂર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને જોખમી જાહેર કરાયેલી જર્જરિત ઇમારતો સામે નિયમ મુજબની કાર્યવાહી આગામી દિવસોમાં પણ યથાવત્ રાખવામાં આવશે.

# સરકારી કચેરીઓમાં ઉર્જા વપરાશ જવાબદારી પૂર્વક કરવા તાકિદ

**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય સરકાર દ્વારા જામનગર સહિત રાજ્યભરની તમામ સરકારી કચેરીમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે જવાબદારીપૂર્વકના ઊર્જા વપરાશની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. ઓફિસ સમય પૂર્ણ થયા બાદ, સપ્તાહના અંતે અથવા જાહેર રજાઓના દિવસોમાં તમામ લાઈટ, પંખા, એસી અને કમ્પ્યુટર સિસ્ટમ ફરજિયાત બંધ રાખવાની રહેશે.

જે અધિકારીઓ રજા પર કે ફિલ્ડ ડ્યુટી પર હોય તેમની ખાલી કેબિનના વીજ ઉપકરણો પણ બંધ રાખવા માટે કચેરીના વડાઓએ દૈનિક દેખરેખ રાખવાની રહેશે તેમજ દરેક મોટા વિભાગમાં 'નોડલ અધિકારી' ની નિમણૂક કરવામાં આવશે.

તમામ સરકારી કચેરીઓમાં એર કન્ડીશનરનું ડિફોલ્ટ ટેમ્પરેચર સેટિંગ ફરજિયાત ચોવીસ કલાક ડિગ્રી સેલ્સિયસ રાખવાનું રહેશે. આ ઉપરાંત, મેન્યુઅલ ભૂલોને કારણે થતો વીજ વ્યય અટકાવવા માટે કચેરીના કોરિડોર્સ, મીટિંગ રૂમ, પાર્કિંગ એરિયા અને શૌચાલયોમાં આપમેળે કામ કરતા ઓક્યુપન્સી સેન્સર્સ અને ટાઈમર આધારિત ઓટોમેશન કંટ્રોલ સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવશે. કચેરી સમય બાદ એટલે કે સાંજે છ વાગ્યા પછી વોટર કુલર બંધ કરવા અને સવારે નવ વાગ્યા પછી જ ચાલુ કરવાની ચુસ્ત વ્યવસ્થાફ ગોઠવવામાં આવશે. ઊર્જા ક્ષેત્રે મોટા સુધારાના ભાગરૂપે, તમામ સરકારી ઈમારતોમાં જૂની પરંપરાગત લાઈટોને બદલીને વીજળી બચાવતી આધુનિક એલઈડી લાઈટો લગાવવામાં આવશે.

અને ભવિષ્યની ખરીદીમાં ૫-સ્ટાર રેટિંગવાળા સાધનોને જ પ્રાથમિકતા અપાશે. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સેન્ટ્રલાઈઝ કંટ્રોલ મોનિટરિંગ સિસ્ટમમારફતે સ્ટ્રીટ લાઈટો ચાલુ-બંધ કરવાનો સમય સૂર્યોદય અને સૂર્યાસ્તના ખગોળીય સમય સાથે સેન્ટ્રલ લિંક કરી દરરોજ ૬૦ મિનિટની સીધી વીજ બચત કરાશે. એટલું જ નહીં, રાત્રે ૧૨ થી સવારે ૪ વાગ્યા સુધીના ઓછા ટ્રાફિક વાળા સમયે પ્રાયોગિક ધોરણે એકાંતરે પોલની લાઈટો બંધ રાખવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તદુપરાંત બહુમાળી મકાનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડી અને સીડીનો ઉપયોગ થાય તે પ્રકારે જાગૃતિ માટેના પોસ્ટરો લગાડવામાં આવશે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ મળતો હોય તો ઓછામાં ઓછી લાઈટોનો વપરાશ કરી શકાય તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવશે. વિવિધ સરકારી કચેરીઓમાં સોલાર પેનલ સિસ્ટમ લાગી શકે તેવી ખુલ્લી જગ્યા મળતી હોય તો તે લગાવવા માટેનું જરૂરી આયોજન કરવાનું રહેશે. GEDA દ્વારા જે સરકારી મકાનોમાં વીજ ઉત્પાદન માટે સોલાર પેનલ લગાડવામાં આવી છે તે ચકાસણી કરી કાર્યરત ન હોય તો તેને પુનઃકાર્યરત થાય તેમજ યોગ્ય ક્ષમતાનું વીજ ઉત્પાદન થાય તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્ય સરકારના આ આદેશોનો યોગ્ય અમલ થાય, તે માટે દેખરેખનું યોગ્ય માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તમામ વિભાગોએ આગામી ૪૫ દિવસની અંદર પોતાનો ઓફિસ એનર્જી એફિશિયન્સી એક્શન પ્લાન તૈયાર કરી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી-જીઈડીએને સબમિટ કરવાનો રહેશે. આ ઉપરાંત ઊર્જા વપરાશ અંગેના ત્રિમાસિક અહેવાલો મોકલવાના રહશે .કચેરીઓ આ અભિયાનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરશે તેમને પ્રોત્સાહિત કરી સન્માનિત પણ કરવામાં આવશે.

# જામનગરના અલસફા પાર્કમાં કુંડીમાં પડેલી ગાયને ફાયર બ્રિગેડે સહી-સલામત બહાર કાઢી, ભયજનક કુંડીઓ પેક કરાવાઈ



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ માં આવેલા અલસફા પાર્ક વિસ્તારમાં એક ખુલ્લી કુંડીમાં અચાનક એક ગાય ખાબકી ગઈ હતી, જેને જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક રહેવાસીઓએ ભારે જહેમત બાદ સંયુક્ત પ્રયાસોથી સહી-સલામત બહાર કઢાવી હતી; સાથોસાથ આ વિસ્તારમાં લાંબા સમયથી બંધ પડેલા બાંધકામની જગ્યાએ બનેલી આવી તમામ જોખમી અને ખુલ્લી કુંડીઓને તાત્કાલિક અસરથી પેક કરાવી દેવામાં આવી છે જેથી કરીને આવનારા દિવસોમાં સ્થાનિક રહેવાસીઓ કે અન્ય કોઈ અબોલ પશુ સાથે આવી કોઈ ગંભીર અકસ્માતની ઘટના ફરી ન સર્જાય.

# જામનગરના બેડ પાસે રહેતાં કડિયાકામ દરમ્યાન ઉલ્ટી થતા શ્રમિકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

મૂળ ઉતરપ્રદેશ રાજયના સંતકબીર નગર જિલ્લાના બયારા ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના બેડ ગામ નજીક નંદનિકેતન ટાઉનશીપની બાજુમાં રહેતાં અને પ્રઇવેટ કંપનીમાં કડિયાકામ કરતાં અવધેસ રામસુરત યાદવ (ઉ.વ.૫૨) નામના પ્રૌઢ ગત તા.૨૭-૨૦૨૬ ના રોજ મોટી ખાવડી ગામની સીમમા આવેલ ખાંનગી કંપનીના ડીટીએ વિસ્તારમાં આવેલ એરોમેટિક એરીયામાં કડીયાકામ અર્થે ગયો હતો. દરમિયાન અચાનક તેઓને ઉલ્ટી તેમજ ચક્કર આવતા સારવાર માટે તાત્કાલિક નજીકના ખાનંગી કંપનીના હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. જ્યાં ગઇકાઈ સારવાર દરમિયાન પ્રૌઢનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે સુરેન્દ્ર ચંદ્રશેખર યાદવ (ઉ.વ.૩૨) નામના યુવાનને પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં જૈન સાધુ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ

**સમય સંદેશઃ જામનગર**

જૈન સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ પ્રવેશની મંગલમય શરૂઆત થઈ ચૂકી છે, જેના ભાગરૂપે જામનગરમાં ચાલુ વર્ષનો પ્રથમ ચાતુર્માસ પ્રવેશ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. પૂજ્ય પન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્ય પરમ પૂજ્ય આચાર્ય મેઘદર્શનસુરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોનો ચાંદીબજાર સ્થિત જ્યોતિ વિનોદ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

ગત શુક્રવાર, ૩ જુલાઈના રોજ સવારે ૬:૪૫ વાગ્યે પંચેશ્વર ટાવર પાસે આવેલા શાલીભદ્ર એપાર્ટમેન્ટથી એક ભવ્ય સામૈયુ અને શોભાયાત્રા નીકળી હતી. જ્યાં સ્થાનિકોએ ભાવપૂર્વક પાટલાપૂજન કરી મહારાજના મંગલ આશીર્વાદ મેળવ્યા હતા. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે ઈન્દ્રપ્રસ્થ, સુપર માર્કેટ અને સજુબા સ્કૂલ થઈને ચાંદીબજાર ચોકના શેઠજી જિનાલયે પહોંચી હતી, જ્યાં ભગવાન આદેશ્વરના સમૂહ ચૈત્યવંદન બાદ આચાર્યનું પ્રેરણાદાયી પ્રવચન યોજાયું હતું.

આ શોભાયાત્રામાં મુનિ હેમન્તવિજયજી મ.સા. પ્રેરિત વિશામાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ બેન્ડ અને આદિનાથ યુવક મંડળના યુવાનોએ નિઃસ્વાર્થ અને વિનામૂલ્યે સેવા આપીને વ્યવસ્થા જાળવી હતી.



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરના ખેતીવાડી વિસ્તારમાં છરીના ઘા ઝીંકી યુવકની કરપીણ હત્યા

## છાશ લેવા ગયેલ યુવકને બોલાચાલી બાદ ત્રણ શખ્સોએ મોતને ઘાટ ઉતાર્યોઃ ગઈરાત્રે બનેલી ઘટના મામલે મૃતકના પિતા નોંધાવી પોલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ૧૦ દિવસ અગાઉ વૃદ્ધની હત્યા બાદ સીટી સી ડિવિઝન પોલીસ મથક હેઠળના જ વધુ એક વિસ્તારમાં યુવાનની હત્યા થતા ખળભળાટ મચી ગયો છે. છાસ લેવા ગયેલા યુવાનને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાતા સનસનાટી મચી ગઇ હતી. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થતા પોલીસે એક આરોપી સામે નામજોગ અને અન્ય આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


શહેરના એરફોર્ષ રોડ પર આવેલા ન્યુ ઇન્દીરા કોલોની, રોહીદાસ ચોક નજીક રહેતા અને સેન્ટિંગ કામ સાથે જોડાયેલા જયંતીભાઇ ટપુભાઇ વાઘેલા એ પોતાના પુત્ર કરણની હત્યા મામલે આરોપી જીણો સુરેશભાઇ વરણ અને તેની સાથેના અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

જેમાં જણાવાયા અનુસાર ફરિયાદ મુજબ, ગઈકાલે રાત્રે આશરે નવ વાગ્યે કરણ પોતાના ઘરે પિતા સાથે જમવાની તૈયારી કરી રહ્યો હતો. તે દરમિયાન તેણે પિતાને છાસ લેવા



તસવીરઃ હિરેન ગાંધી





જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. અને બાજુની દુકાને ગયો હતો. ત્યાં આરોપી જીણો સહિતનાઓ સાથે કોઈ કારણસર રકઝક થતા આરોપીઓ છરી વડે હુમલો કર્યો હતો. છરીના આડેધડ ઘા મારતા યુવાન સ્થળ પર જ ઢળી પડ્યો હતો.

થોડા સમય બાદ કરણના કાકા ભીમજી ટપુભાઈ વાઘેલાએ આવી પરિજનોને જાણ કરી કે કરણ રેતી વિસ્તારમાં ગંભીર હાલતમાં પડ્યો છે અને કોઈએ તેના પર છરીથી હુમલો કર્યો છે. જાણ થતાં પરિવારજનો સ્થળ પર દોડી ગયા હતા, જ્યાં કરણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત હાલતમાં મળ્યો હતો. તેના પેટમાં ગંભીર ઘા વાગ્યા હોવાથી આંતરડા બહાર આવી ગયા હતા અને તે બોલી પણ શકતો ન હતો. પરિવારજનોએ તાત્કાલિક કપડું બાંધી નજીકમાં રહેતા જયતીભાઈ પરમારની રિક્ષામાં કરણને સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનું પંચનામું કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ઘટના બાદ પરિવારજનોએ રોહીદાસ ચોક ખાતે આવેલી એક દુકાનના ઈઈઝટ ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં કરણ સાથે સિદ્ધાર્થનગરના જીણા સુરેશભાઈ વરણ તથા અન્ય કેટલાક શખ્સો રકઝક કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ ઉશ્કેરાટમાં આવી જીણાએ કરણ પર છરીથી હુમલો કર્યો હોવાનું ફૂટેજમાં દેખાતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ આધારે પોલીસે જીણા સુરેશભાઈ વરણ તેમજ તેની સાથેના અન્ય અજાણ્યા શખ્સો

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ત્રણ સ્થળે જુગારના દરોડામાં છ મહિલા સહિત ૨૦ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં પોલીસે ત્રણ સ્થળે જુગાર સંબંધિત દરોડા પાડ્યાં હતાં. શહેરના ગોકુલનગર રડારરોડ, સરૂ સેક્શન રોડ પર આવેલ સરલાબેન ત્રિવેદી ભવન આવાસ તેમજ હાલાર હાઉસ નજીકથી ઘોડીપાસા તેમજ તિનપત્તીનો જુગાર રમી રહેલાં છ મહિલા સહિત ૨૦ જુગારીઓની અટકાયત કરી હતી. ત્રણે દરોડામાં મળી પોલીસે કુલ ૬૩ હજાર ઉપરાંતની રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી સી ડિવિઝન પોલીસે જ શહેરના ગોકુલનગર રડારરોડ પર રામ હોટેલની સામે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમી રહેલાં નિરજ ગિરેનદ્ર કુશવાહા (ઉ.વ.૩૨, રહે.ખોડીયાર કોલોની સોઢા સ્કુલની પાસે (રાધાબેનના મકાનમા ભાડેથી) જામનગર મુળ રહ.કાળકા મહોલા લખના જી. ઇટાવા ઉતરપ્રદેશ), લકી માનસીંગ રાજપુત (ઉ.વ.૨૬, રહે.રામ હોટેલ સામે હસમુખભાઇ પટેલની ઓરડીમા ભાડેથી ગોકુલનગર જામનગર મુળ રહે.જય ભારત કોલોની પકાબાગ જી. ઇટાવા ઉતરપ્રદેશ), રાજકુમાર ફુલસિંગ કુશવાહા (ઉ.વ.૪૩, રહ.રામ હોટેલ સામે હસમુખભાઇ પટેલની ઓરડીમા ભાડેથી ગોકુલનગર જામનગર મુળ રહે.પરાસાણી વિજયપુર જી. ઇટાવા ઉતરપ્રદેશ), મખન દેવીપ્રસાદ પટેલ (ઉ.વ.૨૮, રહે.ગોકુલનગર સાયોના શેરી નવદુર્ગા પાન પાસે જામનગર મુળ રહે.ગળાકોટા ગામ જી. સાગર મધ્યપ્રદેશ), મુકેશ રામનરેશ (ઉ.વ.૨૮, રહે.ગોકુલનગર સોમનાથ મેડીકલથી આગળ હસમુખ પટેલના મકાનમા ભાડેથી જામનગર મુળ રહે.સોનાસી ગામ અનંતરામ ચોક તા. અજીતમલ જી. ઓરૈયા ઉતરપ્રદેશ), રાજેશ ઉદલસિંહ કુશવાહા (ઉ.વ.૨૬, રહે.દલવાડીનગર ગોકુલનગર જામનગર મુળ રહે.તુલશી અડ્ડા તા.જી. ઈટાવા ઉતરપ્રદેશ), દિપુ નિયામત અલી (ઉ.વ.૨૭, રહે.ગોકુલનગર પ્રજાપતીની વાડી પાસે સુરજભાઇના મકાનમા ભાડેથી જામનગર મુળ રહે.મોતીપુર ગામ તા.જી. ઓરૈયા ફફુલ પો.સ્ટ. ઉતરપ્રદેશ), અજયકુમાર નવાબસિંગ પટેલ (ઉ.વ.૩૫, રહે.રામ હોટેલ સામે હસમુખભાઇ ની ઓરડીમા ભાડેથી ગોકુલનગર જામનગર મુળ રહે.તુલશી અડ્ડા તા.જી. ઇટાવા ઉતરપ્રદેશ), રોહીતકુમાર પ્રમોદકુમાર લોદી (ઉ.વ.૨૪, રહે.ગોકુલનગર રામ હોટેલની સામ હસમુખભાઇની ઓરડીમા ભાડેથી જામનગર મુળ રહે.દેશરમરૂ ગામ તા.જી. ઇટાવા ઉતરપ્રદેશ), શર્બેશકુમાર રઘુનાથ કુશવાહા (ઉ.વ.૩૩, રહે.વિજયનગર જકાતનાકા જે.કે.ટાવર પાસે જામનગર મુળ રહે.નિભાપુર ગામ તા. બિલકરામ જી. હરદોય ઉતરપ્રદેશ), દિપક લખનસિંહ ગૌતમ (ઉ.વ.૨૬, રહે.રામ હોટેલની સામે હસમુખભાઇની ઓરડીમા ભાડેથી ગોકુલનગર જામનગર મુળ રહે.સોનાસી ગામ તા. અજીતમલ પો.સ્ટ. અનંતરામ જી. ઓરૈયા ઉતરપ્રદેશ) નામના ૧૧ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી રૂ.૩૨,૫૫૦ ની રોડક કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી સી ડિવિઝન પોલીસે શહેરના સરૂ સેક્શન રોડ પર આવેલ સરલાબેન ત્રિવેદી ભવન આવાસ વિંગ-એ(૨) ના પાર્કિંગમાં જાહેરમાં ઇલાબા સહદેવસિહ ચુડાસમા (રહે.સરૂ સેકશન રોડ સરલાબેન ત્રીવેદી ભવન આવાસ વીંગ એ-૨ ૩૦૪ જામનગર), આશાબેન કેશુભાઈ મોઢવાડિયા ( રહે. અંધાઆશ્રમ આવાસ બ્લોક નંબર ૩૪ રૂમ નંબર ૧૦ જામનગર), આનંદબા રાજેન્દ્રસિંહ ઝાલા (રહે. મચ્છુનગર આશાપુરા માતાજીના મંદિરની સામે જામનગર), સતીબેન હરીશભાઈ ચાવડા (રહે.ગોકુલનગર શ્યામનગર શેરી નંબર-૬ જામનગર), હીનાબા બલવીરસિહ ગોહીલ (રહે.વરાછા અંકુર ચોકડી અંકુરના મેઇન ગેટ નં-૩ સુરત), આરાધ્યાબા દીલીપસિહ ઝાલા (રહે. મચ્છનગર આશાપુરા મંદીર પાસે શાંન્તીનગર શેરી નં-૪ જામનગર) નામના છ મહિલાઓને રૂા.૨૭,૮૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

સિટી બી ડિવિઝન પોલીસે શહેરના હાલાર હાઉસની બાજુમાં આરોગ્ય કેન્દ્રની પાછળની બાજુમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલાં મહેબુબ કાસમભાઇ વારીયા (ઉ.વ.૪૨, રહે.કાલાવાડ નાકા બહાર, એસ.ટી. ડિવીઝનની સામે આદર્સ સ્કુલની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સફાઇકર્મીના ઘરમાં ચોરી કરનાર ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**


જામનગર શહેરના મહાવીરનગર નિલકંઠ સ્કુલની સામે વૃંદાવન એપાર્મેન્ટ રૂમ નં.-૨૦૧ માં રહેતા અને જેએમસીમાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા જ્યોતિબેને પોતાના ચોરી મામલે તા.૨ ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે ચોરીનો સ્થાનિક પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. તપાસમાં પાડોશી શખ્સે જ મકાનમાં ખાતર પાડયાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે એ જ વૃંદાવન એપાર્ટમેન્ટના અન્ય ફ્લેટમાં ભાડે રહેતા યોગેશ ઉર્ફે નીખિલ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬)ને ઝડપી પાડ્યો હતો.

તેની પાસેથી સોનાની બે ચેઇન, લાલ મોતીવાળું મંગળસૂત્ર, ચાંદીની લક્કી તથા રોકડા રૂ. ૭૦ હજાર મળી કુલ રૂ. ૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપી પાસેથી રૂ.૨.૦૭ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અને ફરિયાદી બંને એક જ એપાર્ટમેન્ટમાં રહેતા હતા.

જેના કારણે ઘરની અવરજવર અને સ્થિતિ અંગે આરોપીને અગાઉથી જાણકાર હતો. ફરિયાદીના પરિવારના સભ્યોનો ઘરે આવવાનો સમય અલગ-અલગ હોવાથી ઘરનો દરવાજો ક્યારેક ખુલ્લો રહેતો હોય તો ક્યારેક ચાવી બહાર ખીલીએ ટીંગાડતા હોવાથી આરોપીએ જાણકારીના આધારે ચોરી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# જામનગરમાં માર્ગ ઘટનામાં બે આશાસ્પદ યુવાનોના કમકમાટીભર્યા મોત

## ઠેબા ચોકડી પાસે સ્કોર્પિયોની ઠોકરે શ્રમિક યુવાનનું મોત, જ્યારે પવન ચક્કી રોડ પર મિની બસે ધોરણ ૧૦ના વિદ્યાર્થીનો ભોગ લીધો; કુલ ૩ લોકો ગંભીર રીતે ઘાયલ









તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં અને તેની આસપાસના હાઈવે માર્ગો પર વાહનોની અનિયંત્રિત ગતિ નિર્દોષ નાગરિકો માટે કાળ સાબિત થઈ રહી છે. ગત રાત્રિથી લઈને આજ સુધીમાં જામનગરમાં માર્ગ અકસ્માતની બે અલગ-અલગ ગંભીર ઘટનાઓ સામે આવી છે, જેમાં બે અલગ-અલગ પરિવારોએ પોતાના વહાલસોયા યુવાનો ગુમાવ્યા છે. જામનગર-ખંભાળિયા હાઈવે પર સ્કોર્પિયો ગાડી અને બાઈક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં એક શ્રમિક યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે શહેરના પવન ચક્કી રોડ પર એક બેફામ મિની બસ ચાલકે ધોરણ ૧૦માં ભણતા સગીર વિદ્યાર્થીને કચડી નાખી હિટ એન્ડ રનની ઘટનાને અંજામ આપ્યો છે. આ બંને અકસ્માતોને પગલે સ્થાનિક વિસ્તારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રથમ ઘટનામાં જામનગર-ખંભાળિયા માર્ગ પર ઠેબા ચોકડી નજીક આવેલા દરેડ નીલગીરી ગોળાઈ પાસે ગત રાત્રે આશરે ૧૦:૧૫ વાગ્યે એક સ્કોર્પિયો કાર અને મોટરસાયકલ વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. બાઈક પર કુલ ચાર વ્યક્તિઓ સવાર હતા, જે તમામને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મુકેશભાઈ નામના એક શ્રમિક યુવાનનું હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ અંતરિયાળ કરુણ આકસ્મિક મૃત્યુ નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી જી.જી. હોસ્પિટલ ખસેડ્યા હતા. ઈજાગ્રસ્તામાં દેવાભાઈ વિરાભાઈ ભાટીયા (ઉં.વ. ૨૦) શરીરે લોહીલુહાણ થવા સાથે જમણા પગના ફીમર (સાથળ)ના હાડકામાં ગંભીર ફ્રેક્ચર અને હાથના કાંડા પર ઈજા અને ધર્મિકભાઈ હીરાભાઈ સોલંકી (ઉં.વ. ૧૭) શરીરે સામાન્ય ઈજાઓ સાથે ચક્કર આવવાની ફરિયાદ હોવાથી ઓક્સિજન સપોર્ટ પર સારવાર હેઠળ. જ્યારે અકસ્માતના આઘાતમાં બેશુદ્ધ થઈ જતાં ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અકસ્માતની બીજી હૃદયદ્રાવક ઘટના જામનગર શહેરના નાનકપુરી, પવન ચક્કી રોડ વિસ્તારમાં આજે ઘટી હતી. અહીંથી પસાર થઈ રહેલા ૧૭ વર્ષના સગીર વિદ્યાર્થી અલ્લાઉદ્દીન હારૂનભાઈ ઓડિયાને એક અજાણ્યા મિની બસ ચાલકે અડફેટમાં લીધો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે સગીરને લોહીલુહાણ હાલતમાં સારવાર મળે તે પહેલાં જ તેણે દમ તોડી દીધો હતો.

અનુ પાના નં.૨ પર

# ખંભાળીયાના મુસ્લિમ વેપારીની હત્યાના ગુનામાં એક ઝડપાયો

## રૂા.૨૮ લાખના ઘરેણા સહિત રૂા.૨૯.૨૭ લાખનો મુદ્દામાલ પણ જપ્ત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં ત્રણેક દિવસ પૂર્વે એક મુસ્લિમ વેપારી આધેડની બોથડ પદાર્થ તેમજ તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હત્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આ બનાવને અનુલક્ષીને અહીંની પોલીસે તાકીદની કાર્યવાહી કરી, આ પ્રકરણમાં એક શખ્સની ધરપકડ કરી, રૂપિયા ૨૮ લાખના ઘરેણા સહિત કુલ રૂપિયા ૨૯.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ પ્રકરણમાં એક સગીર પણ સંડોવાયેલો હોવાનું ખુલવા પામ્યું હતું

આ ચકચારી પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે મૃતકના નાનાભાઈની ફરિયાદ પરથી લૂંટ તથા હત્યાનો ગુનો નોંધી, આરોપીઓને ઝડપી લેવા માટેની કાર્યવાહી કરી હતી. આ બનાવ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંના ડીવાયએસપી મીત દલાલ અને ખંભાળિયાના સી.આર. રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસની જુદી જુદી ટીમ બનાવીને



આ પ્રકરણના મુખ્ય આરોપી એવા હાજા ભારમલ આસાણી (રહે. રામનગર, તા. ખંભાળિયા)ની ધરપકડ કરી, આ મામલે અન્ય એક સગીર પણ સંડોવાયેલો હોવાનું ખુલવા પામ્યું હતું.

ઝડપાયેલા આરોપી હાજા ભારમલ આસાણી પાસેથી પોલીસે એક જાડો ગળા ડિઝાઇન વાળો પેન્ડલ સાથેનો ચેન, એક જાડો સાંકળની ડિઝાઇન વાળો પેન્ડલ સાથેનો ચેન, હાથમાં પહેરવાની પટ્ટાની ડિઝાઇન વાળી એક સોનાની લક્કી, હાથની આંગળીઓમાં પહેરવાની સોનાની કુલ છ વીંટી, એક સફેદ જેવા મોતી વાળા હાથમાં પહેરવાનો સોનાનો તાર વાળો બેરખો, એ પ્રકારના દાગીના કબજે કર્યા છે. જેનું કુલ વજન આશરે ૩૯૯.૧૨૦ ગ્રામ જેટલું થવા જાય છે. આ દાગીનાની કિંમત કુલ રૂપિયા ૨૮ લાખ જેટલી હોવાનું જાહેર થયું છે.

આટલું જ નહીં, આરોપી પાસેથી પોલીસે રૂપિયા ૧૭,૨૦૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન, રૂપિયા એક લાખની કિંમતની એક મારુતિ ઈક્કો મોટરકાર અને એક છરી પણ કબજે લીધી છે. આમ, લૂંટ વિથ મર્ડરના ગુનામાં કુલ રૂપિયા ૨૯,૨૭,૨૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી હાજા આસાણીની અટકાયત કરી, રિમાન્ડ સહિતની તજવીજ હાથ ધરી હતી. સાથે અન્ય એક સગીરની પૂછપરછ પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# જૂની અદાવતનો ખાર રાખી જામનગરના ધરારનગરમાં યુવક ઉપર ખૂની હુમલોઃ પાંચ સામે નોંધાઇ ફરિયાદ

## ફઈના દિકરા સાથે થયેલ માથકુટ અંગે માહિતી ન હોવાનું કહેતા કરાયો હુમલોઃ પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં બેડી ઇદ મસ્જિદ રોડ પર રહેતાં ઇમરાનભાઇ હાજીભા વાઢા (ઉ.વ.૪૨) નામના યુવાને જામનગરમાં જ રહેતાં યાસીન ઉર્ફે બાબરી ગંઢાર, મનસુર ગંઢાર, હમીદ ખત્રી, શાહરૂખ ખત્રી તથા ફિરોજ નામના પાંચ શખ્સો સામે સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદી ઇમરાનભાઈ હાજીભાઈ વાંઢાના ફઇના દિકરા રફીક અને આરોપી યાસીન ગંઢાર વચ્ચે અગાઉ કોઇપણ બાબતે બોલાચાલી થઇ હતી. દરમિયાન ગત તા.૧-૭-૨૦૨૭ ના રોજ ફરિયાદી પોતાના પિતાની તબિયત જાણવા માટે તેમના ઘરે ગયા હતા. જયાંથી તેઓ રાત્રીના દોઢેક વાગ્યાના સમયે પરત ફરી રહ્યા હતા, ત્યારે ધરારનગર શાળા નંબર ૫૫ પાસે આરોપી યાસીન ઉર્ફે બાબરી ગંઢાર, તેનો ભાઈ મનસુર ગંઢાર, હમીદ ખત્રી, શાહરુખ ખત્રી અને ફિરોજ ખત્રી જાહેર રસ્તા પર ઉભા હતા. આરોપીઓએ ફરિયાદીને રોકી તેમના સગા રફિક સાથે ચાલતા વિવાદ અંગે પૂછપરછ કરી હતી.

ફરિયાદી દ્વારા પોતાને કોઈ જાણકારી ન હોવાનું જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને યાસીન ઉર્ફે બાબરીએ લોખંડના પાઇપ જેવા હથિયારથી ફરિયાદીના માથાના જમણા ભાગે ઘા કર્યો હતો, જ્યારે અન્ય ચાર આરોપીઓએ ફરિયાદીને પકડી રાખી મુક્કા-પાટુનો માર માર્યો હતો. મારામારીનો અવાજ સાંભળી આસપાસના લોકો એકત્ર થતાં પાંચેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઇજાગ્રસ્તને તેમના સગાએ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં માથામાં પાંચ ટાંકા આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ બનાવ અંગે ઇમરાનભાઈ હાજીભાઈ વાંઢાની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે યાસીન ઉર્ફે બાબરી ગંઢાર, મનસુર ગંઢાર, હમીદ ખત્રી, શાહરુખ ખત્રી અને ફિરોજ ખત્રી સામે હત્યા પ્રયાસની કલમ હેઠળ ગુન્હો નોંધી તમામ આરોપીઓને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com